# વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ
## મેલેરીયા મુક્ત ગુજરાત અભિયાન-૨૦૨૪

www.vmc.gov.in

## કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના મેલેરીયા મુક્ત ગુજરાત અભિયાન-૨૦૨૪, વાહકજન્ય રોગ નિયંત્રણ તથા પાણીજન્ય રોગ નિયંત્રણલક્ષી વિવિધ ક્ષેત્રિય કામગીરી માટે U-PHC ખાતે ૧૧ માસના કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાઓ માટે સીધી ભરતીથી ભરતી કરવા માટેમાત્ર ઓનલાઇન અરજીઓ તા.૨૧/૧૧/૨૦૨૩ થી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુ નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | પબ્લિક હેલ્થ વર્કર(PHW) | ૧૦૬ |
| ૨ | ફિલ્ડ વર્કર (પુરૂષ)(FW) | ૪૪૮ |

ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર તા.૨૧/૧૧/૨૦૨૩ (૧૨.૦૦કલાક) થી તા.૩૦/૧૧/૨૦૨૩ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજી કરી શકાશે.

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતી / શરતો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી તા.૨૧/૧૧/૨૦૨૩ બાદ મેળવી શકાશે.

મુખ્ય આરોગ્ય અધિકારી
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ. નં.૧૦૮૫ /૨૩-૨૪

વડોદરા મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
www.vmc.gov.in

## તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત ઉમેદવારો લેવા અંગેની જાહેરાત

(પી.આર.ઓ. જાહેરાત ક્રમાંક:૧૦૮૫/૨૦૨૩-૨૪)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી (રોસ્ટર પોઇન્ટ) |
|---|---|---|---|
| ૧. | પબ્લિક હેલ્થ વર્કર **(PHW)** | ૧૦૬ | અ.જા. – ૦૭<br>અ.જ.જા. – ૧૫<br>સા.શૈ.પ.વ. – ૨૮<br>આ.ન.વ.(EWS) – ૧૦<br>બિન અનામત – ૪૬ |

[૧] શૈક્ષણિક લાયકાત તથા અનુભવ :-

(૧.૧) ધોરણ - ૧૨ પાસ તથા સરકાર માન્ય સેનેટરી ઇન્સપેક્ટરનો કોર્સ પાસ.

અથવા

સરકાર માન્ય મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનો કોર્સ પાસ.

(૧.૨) વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ ઉમેદવારો માટે ધોરણ - ૧૦ પાસ તથા સરકાર માન્ય સેનેટરી ઇન્સ્પેકટરનો કોર્સ પાસ અથવા સરકાર માન્ય મલ્ટી પરપઝ હેલ્થ વર્કરનો કોર્સ પાસ.

(૧.૩) કોમ્પ્યુટર બેઝીક કોર્સ પાસ.

(૧.૪) આરોગ્યલક્ષી કામગીરીના અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાધાન્ય.

(૧.૫) વડોદરા શહેરના ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.

[૨] માસિક મહેનતાણુ :- માસિક રૂા.૧૪,૯૩૧/- (ઉચ્ચક)

[૩] ઉંમર:- જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૪૫ વર્ષથી વધુ નહી.

નોંધ :- (૧) વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ ઉમેદવારો માટે જાહેરાતની તારીખે ૫૯ વર્ષથી વધુ નહીં.

(૨) જે ઉમેદવારો વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવતા હોય અને ૪૫ વર્ષથી વધુ ઉમર હોય તેઓ પણ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

(3) જે ઉમેદવારો વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ હોય તેમણે ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે તેની પુર્તતા કરવાની રહેશે.

[૪] નિમણુંકની મુદત :- તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત.

[૫] ઉમેદવાર *કોઇ પણ એક જ કેટેગરીમા* ફોર્મ ભરી શકશે. એક કે તેથી વધુ અરજી ધ્યાને આવ્યેથી જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવી અરજી ધ્યાને લેવામા આવશે નહી.

[૬] કેટેગરીવાઇઝ કોમન એક મેરીટ બનાવવામા આવશે જે મુજબ ઉમેદવારે પસંદગી આપેલ ઝોન મા જગ્યા હશે તો પ્રાધાન્ય આપવામા આવશે.

[૭] સદર ભરતી બાબતે વધુ વિગત મેળવવા માટે આરોગ્ય મુખ્ય કચેરીમાં રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમ્યાન **Extension No.** ૦૨૬૫-૨૩૧૪૩૧૬, ૧૭, ૧૮ થી **Internal No.** ૨૯૩ પર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

# વડોદરા મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ
## પબ્લિક હેલ્થ વર્કરની ગુણાંકન પધ્ધતિ – ૨૦૨૪
## પી.આર.ઓ.નં.૧૦૮૫/૨૦૨૩-૨૪

| અ.નં. | વિગત | ટકાવારી | ૧૦ પાસ ના ગુણ | ૧૨ પાસ ના ગુણ | સ્નાતકના ગુણ | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક લાયકાત આધારે ગુણાંકન | ૬૦% થી ઓછા | ૫ | ૧૦ | ૫ | લઘુત્તમ-૦૫ મહત્તમ-૬૦ |
| | | ૬૦.૦૧% થી ૬૨.૦૦% | ૭ | ૧૨ | ૭ | |
| | | ૬૨.૦૧% થી ૬૪.૦૦% | ૯ | ૧૪ | ૯ | |
| | | ૬૪.૦૧% થી ૬૬.૦૦% | ૧૧ | ૧૬ | ૧૧ | |
| | | ૬૬.૦૧% થી ૬૮.૦૦% | ૧૩ | ૧૮ | ૧૩ | |
| | | ૬૮.૦૧% થી ૭૦.૦૦% | ૧૫ | ૨૦ | ૧૫ | |
| | | ૭૦.૦૧% થી ૭૨.૦૦% | ૧૭ | ૨૨ | ૧૭ | |
| | | ૭૨.૦૧% થી ૭૪.૦૦% | ૧૯ | ૨૪ | ૧૯ | |
| | | ૭૪.૦૧% થી ૭૬.૦૦% | ૨૧ | ૨૬ | ૨૧ | |
| | | ૭૬.૦૧% થી ૭૮.૦૦% | ૨૩ | ૨૮ | ૨૩ | |
| | | ૭૮.૦૧% થી વધારે | ૨૫ | ૩૦ | ૨૫ | |
| ૨ | સરકાર માન્ય સેનેટરી ઈન્સપેક્ટર/મ.પ.હે.વ. નો કોર્ષ પાસ કરેલ | ******* | ૧૦ | | | મહત્તમ-૧૦ |
| ૩ | કોમ્પ્યુટર કોર્ષના મળવાપાત્ર ગુણાંકન | સર્ટીફીકેટ કોર્ષ | ૫ | | | મહત્તમ-૦૫ |
| | | ડિપ્લોમા કોર્ષ | | | | |
| | | ડિગ્રી કોર્ષ | | | | |
| ૪ | વડોદરા શહેર સ્થાનિક રહેવાસી | *********** | ૫ | | | મહત્તમ-૦૫ |
| ૫ | કોઈપણ ક્ષેત્રનો અનુભવ ધરાવનારને મળવાપાત્ર ગુણાંકન | ૧ થી ૨ વર્ષ સુધી | | | ૪ | મહત્તમ-૨૦ |
| | | ૨ થી ૪ વર્ષ સુધી | | | ૮ | |
| | | ૪થી ૬ વર્ષ સુધી | | | ૧૨ | |
| | | ૬ થી ૮ વર્ષ સુધી | | | ૧૬ | |
| | | ૮ વર્ષથી વધુ સુધી | | | ૨૦ | |
| ૬ | આરોગ્ય વિભાગની કામગીરીનાં અનુભવનાં આધારે મળવાપાત્ર ગુણાંકન | આરોગ્ય ના ક્ષેત્રમાં કોઈપણ કામગીરીનો અનુભવ ધરાવનારને મળવાપાત્ર ગુણાંકન | | ૧૦ | | મહત્તમ-૨૦ |
| | | VMC ના આરોગ્ય ક્ષેત્રમાં કોઈપણ કામગીરીનો અનુભવ ધરાવનારને મળવાપાત્ર ગુણાંકન | | ૨૦ | | |
| ૭ | COVID-19 માટે VMC મા કરેલ કામગીરી | ******* | | ૩૦ | | ૩૦ |
| કુલ ગુણ | | | | | | ૧૫૦ ગુણ |

નોંધ:-

૧) ક્રમ-૧ ની ગુણાંકન પધ્ધતિમાં ઉમેદવારના ધોરણ ૧૦,૧૨ (જેઓએ ધોરણ ૧૦ પછી કોઈ ડિપ્લોમા કોર્ષ કરેલ હસે તેમને ધોરણ ૧૨ સમકક્ષ ગણી ગુણાંકન કરવામાં આવશે (ઠરાવ ક્રમાંક રવભ ૧૦૨૦૧૧ યુ.ઓ. ૧૯૦૬ મુજબ)) અને સ્નાતક સંબંધિત ત્રણે લાયકાતની ગણતરી કરીને ગુણાંકન કરવામાં આવશે. મહત્તમ શૈક્ષણિક લાયકાત ધ્યાને લઈ ગુણાંકન કરવામાં આવશે.

૨) ક્રમ-૨ અનુસાર સરકાર માન્ય સેનેટરી ઈન્પેક્ટર કોર્ષની સંસ્થાઓની સિવાય અન્ય કોઈપણ સંસ્થામાં કરેલ કોર્ષની ગણતરી ગુણાંકનમાં કરવામાં આવશે નહી.

૩) ક્રમ-૫ પ્રમાણે કોઈ પણ ક્ષેત્રનો અનુભવ અર્થ અહી આરોગ્ય તેમજ અન્ય કોઈપણ કામગીરીનો ગણવામાં આવશે.

૪) ક્રમ-૬ માં બતાવ્યા મુજબ આરોગ્ય ક્ષેત્રમાં અને VMC ના. આરોગ્ય ક્ષેત્રમાં કામગીરીનો અનુભવ ધરાવનારને વધારાનાં ગુણ આપવામાં આવશે. જે માટે જરૂરી સાધનિક કાગળો, જરૂરી પુરાવા જેતે સમયે રજુ કરવાના રહેશે. ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે રજુ ન કર્યેથી માર્કની ગણતરી કરવામાં આવશે નહી.

## આરોગ્ય વિભાગના વાહકજન્ય તથા પાણીજન્ય રોગ નિયંત્રણલક્ષી ક્ષેત્રીય કામગીરી માટે તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત ઉમેદવારો લેવા અંગેની જાહેરાત

### -:: જાહેરાતની સામાન્ય શરતો ::-

[૧] ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.

[૨] રસ ધરાવતા ઉમેદવારોએ તા.૨૧/૧૧/૨૦૨૩ (૧૨-૦૦ કલાક) થી તા.૩૦/૧૧/૨૦૨૩(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા જરૂરી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.

[૩] શૈક્ષણિક માહીતી:- દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી ઉમેરવા માટે "વધુ એજ્યુકેશન માટે અહિયાં ક્લિક કરો" પર ક્લિક કરીને પોતાની Education Qualification ની માહીતી ભરવી.

[૪] અનામત :- ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

[૫] વયમર્યાદા :- જાહેરાતની તારીખે ૪૫ વર્ષથી વધુ નહી. વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં અગાઉ ક્ષેત્રિય ફરજ બજાવેલ ઉમેદવારો માટે જાહેરાતની તારીખે ૫૯ વર્ષથી વધુ નહીં.

[૬] સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯-૦૨-૧૯૯૬ ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાકીય વર્ષ-૨૦૧૫-૧૬ નું તા.૧/૪/૨૦૧૬ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

[૭] ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમ્રગ પ્રકિયા માટે આખરી ગણાવામાં આવશે અસલ પ્રમાણપત્રમાં જે વિગતો હશે તેને જ ધ્યાને લેવામાં આવશે. અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

[૮] ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

[૯] ઉમેદવારે જગ્યાને અનુરૂપ CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.

[૧૦] પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

[૧૧] ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

[૧૨] આ જાહેરાત અન્વયેની આગળની પ્રકિયા અંગે લેખિત પરીક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગરપાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

[૧૩] પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવા પાત્ર થશે નહીં.

[૧૪] આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરા મહાનગરપાલિકાનો રહેશે.

[૧૫] ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા.૨૦/૧૧/૨૦૨૩.

મુખ્ય આરોગ્ય અધિકારી
વડોદરામહાનગરપાલિકા